જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૭/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૪૯૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૩૯ લીટર દેશી દારૂ, ૨૬૭ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૪,૨૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૦૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૫૦૧/૧૭

**નરોડાઃ** અશોકભાઇ જગન્નાથ જોષી (રહે.શ્રીપ્રકાશ સોસાયટી ગ્રાઉન્ડ ફલોર મોહનનગર નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૬/૧૭ રાતના ૧૦/૩૦ થી તા.૨૨/૭/૧૭ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૯૫,૫૦૦/- અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૦,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**રખીયાલઃ** પંકજભાઇ કાંતીલાલ પટેલ (રહે. હર ભોળેનાથ પાર્ક સોસાયટી નેશનલ હાઇવે નં-૮ રાજેન્દ્ર પાર્ક ઓઢવ) એ રખીયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૬/૧૭ સાંજના ૭/૦૦ થી તા.૨૨/૭/૧૭ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન રખીયાલ ગ્રેવીટી ત્રણ રસ્તા પાસે આવેલ ભાગ્યોદર સ્ટીલ નામની દુકાન તથા તેની બાજુની દુકાનોના પતરા ખોલી અજાણી વ્યક્તિ દુકાનોમાં પ્રવેશ ઓફીસોમાંથી રોકડ રૂપિયા ૧,૦૭,૨૫૦/- અને તામ પત્ર કિમત રૂપિયા ૫૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એ.બી.દેવધા ચલાવે છે.

<u>વાહન ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૫૦૨/૧૭</u>

**સાબરમતીઃ** કાનારામ દુધારામ જાટ (મારવાડી) (રહે. સદગુરૂ અરવિંદનગર સોસાયટી) એ તા.૨૧/૬/૧૭ રાતના ૧૦/૦૦ વાગે ડિ કેબીન સાત્વીક પાર્ક આશાપુરા એલ્યુમિનીયમ એન્ડ ગ્લાસ નામની દુકાનની આગળ પોતાની બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે ૦૧ ઈટી ૫૩૩૪ કિમત રૂપિયા ૪,૨૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૨/૭/૧૭ સવારના ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ કાનારામ જાટ એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એન.સાધુ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.